## તબીબને પહોંચશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા અને તેમાં દિન પ્રતિદિન સુધારો આવી રહ્યો છે. માત્ર આંગળીના વેઢે ઓપરેટ થઈ શકતા રીમોટ સંચાલિત સાધનો હોય કે સેન્સરવાળા ઉપકરણો આ બધી જ શોધો આધુનિક વિશ્વનું પ્રતિનિધિત્વ કરી રહી છે. આ બધી જ અત્યાધુનિક ટેકનોલોજીથી એક ડગલું આગળ એવા વ્યક્તિના સ્વાસ્થ્યની કાળજી રાખતી સેન્સરવાળી ડિવાઈસ એલ્ડીઆરપીના સંકેત પટેલ અને મૈત્રી અગ્રવાલ પ્રા. પ્રકાશ પટેલ અને પ્રા. પીયુષ કાપડીયાના માર્ગદર્શન હેઠળ વિકસાવી રહ્યા છે. આ ડીવાઈસ અંગે વધુ વિગતો આપતા સંકેત પટેલ કહે છે કે હૃદયરોગ કે ડાયાબિટીશ જેવા રોગોથી પીડાતા દર્દીઓને તેમના સ્વાસ્થ્યની ચકાસણી માટે અવારનવાર હોસ્પિટલ જવું પડે છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સના નામે ઓળખાતી આ ડીવાઈસ જો દર્દીને લગાવી દેવાય તો તેના હાર્ટબીટ, બ્લડ સુગર વગેરેની માહિતી કોમ્પ્યુટર પર બેઠા વિના પણ નિષ્ણાંત તબીબ સુધી નિયમિત પહોંચી શકે છે. આ વાયરલેસ ડિવાઈસનો સૌની મોટો ફાયદો એ છે કે દર્દીના સ્વાસ્થ્યમાં કોઈ ગરબડ હોય કે કોઈ ઈમરજન્સી હોય તો આ સાધનમાં ફીડ કરેલા મોબાઈલ નંબર પર તે અંગેનો એલર્ટ મેસેજ તુરંત જ પહોંચી જશે જેથી કરીને દર્દીના સગાસંબંધીઓ કે તબીબ દર્દીને તુરંત જ મેડીકલ હેલ્પ પહોંચાડી શકે.

આ ઉપકરણ ટીવી, ફ્રીજ, એસી જેવા સાધનોમાં લગાવી દેવામાં આવે તો જે તે વ્યક્તિ આ બધા જ સાધનોને વિશ્વના ગમે તે છેડાથી ઓપરેટ કરી શકે છે. કામદારો પર જીવનું જોખમ હોય તેવા ઉદ્યોગો જેવા કે કોલસાની ખાણો, ઝેરી ગેસ લીકેજની શક્યતાવાળા ઉદ્યોગોમાં તાપમાન વધી જાય કે જોખમી ગેસનું પ્રમાણ વધી જાય ત્યારે તુરંત જ મદદ પહોંચાડી શકાય તેવી ક્ષમતા પણ આ સાધનમાં છે. આગામી દિવસોમાં માનવજાત માટે ઉપયોગી બને આશિર્વાદરૂપ બની રહે તેવી આ ડીવાઈસની કિંમત ઘટાડી શકાય અને તેના વધુમાં વધુ ઉપયોગો થઈ શકે તે માટેનું સંશોધન હાલમાં સંકેત પટેલ અને મૈત્રિ અગ્રવાલ કરી રહ્યા છે.

## મહોત્સવનો શુભારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગમતાનો કરીએ ગુલાલ... દોહરાવી હતી.

કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યુ હતુ કે ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમવાર બાળકોને લઈને ફિલ્મ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તે બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. દર વર્ષે અમારી સંસ્થા બાળકો માટે ફિલ્મ મહોત્સવ યોજશે. અશ્લિલ દૃશ્યોએ સમાજ માટે ચિંતાનો વિષય છે. જે માટે આપણે વિચારવું પડશે. હંમેશા બાળકો માટેની પ્રવૃત્તિઓ કરવી જોઈએ.

કડી સંસ્થાના વલ્લભભાઈ પટેલે એક પરિવાર સાથે ટીવી જોવી હાલના સમયે ચિંતાનો વિષય છે તેમ જણાવ્યુ હતું. તેમજ રાજકોટ બાદ ગાંધીનગરમાં શરૂ કરવામાં આવેલ બાળ ફિલ્મ મહોત્સવ માટે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. નગરની તમામ સંસ્થાઓને એક મંચ પર લાવવા જણાવ્યુ હતુ.

મેયર મહેન્દ્રસિંહ રાણાએ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ નીતિને વખાણી હતી. અને વિદ્યાર્થીઓને કહ્યું હતું કે તમે મંત્રી કે મેયર નહિ પરંતુ આઈ.એ.એસ., આઈ.પી.એસ., ડૉક્ટર કે વકીલ બનજો.

સમારોહમાં બોરીજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ બનાવેલ એનિમલ ફિલ્મ બતાવવામાં આવી હતી. ટુન ટુન નામ આપી ફિલ્મમાં સસલો અને કાચબાની વાર્તા બતાવીને ભારોભાર પ્રશંસા મેળવી હતી. જેની માહિતી ધોરણ-૮ની વિદ્યાર્થીની પૂજા સોલંકીએ આપી હતી.





ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર બ્રાન્ચ દ્વારા ગુરુવારના રોજ મકાખાડ ગામ ખાતે હિમોગ્લોબીન ચેકીંગ, બ્લડગ્રુપ ચેકીંગ, ડાયાબીટીશ ચેકઅપના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. એકતા પટેલ, ડૉ કાંતિભાઈ પટેલ, ડૉ. હાર્દિક તલાટીએ સેવાઓ આપી હતી. જેનો ૯૦૦ જેટલા ગ્રામજનોએ લાભ લીધો હતો સાથે એક રકતદાન શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ચેક અપ કરાવનાર ગ્રામજનોને હેલ્થકાર્ડ આપવામાં આવ્યા હતા ઉપરાંત સ્વાઈન ફ્લુના રક્ષણ માટે માસ્કનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે જીલુભા ધાંધલ, જયેન્દ્ર પરીખ, કૌશિક ભટ્ટ, મેહુલ શાસ્ત્રીએ ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

## શંકરભાઈ ચૌધરીના સ્વાસ્થ્ય માટે હવન યોજાયો

પાલનપુર, તા. ૨૬

રાજ્યમાં સ્વાઈન ફ્લુના કહેર વચ્ચે રાજ્યની વિવિધ હોસ્પિટલોમાં દર્દીઓ, ડૉક્ટરો અને હોસ્પિટલ સ્ટાફ સાથે સતત મોનીટરીંગમાં રહેતાં સ્વયં સ્વાઈન ફ્લુના ભોગ બનેલા રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી અને વાવ વિસ્તારના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીનું સ્વાસ્થ્ય ઝડપથી સુધરે અને પુનઃ રાજ્યની પ્રજાની સેવામાં જોતરાઈ જાય તેવા આશયથી સુઈગામ તાલુકાના કોરેટી ગામે ચાળકનેચી માતાજીના મંદિરે ગ્રામજનો દ્વારા હવન અને મહાઆરતી યોજાયાં હતાં. આ પ્રસંગે કોરેટી અને આજુબાજુના ગામોમાંથી બહોળી સંખ્યામાં આગેવાનો, કાર્યકરો, યુવાનો અને બહેનોએ ઉપસ્થિત રહીને ધારાસભ્યના સ્વાસ્થ્યની કામના કરતાં માતાજીને પ્રાર્થના અને અર્ચના કરી હતી.

## એહમદ પટેલની રજુઆતના પગલે ગેઈલ કંપની દ્વારા સેવાશ્રમ હોસ્પીટલને સાત કરોડનું અનુદાન

ભરૂચ, તા. ૨૬

ભરૂચ શહેર સહિત સમગ્ર જિલ્લાની જનતાને સ્વાસ્થ્ય સુવિધા પુરી પાડતી સેવાશ્રમ હોસ્પિટલ એહમદભાઈ પટેલની રજુઆતથી પ્રાપ્ત થયેલ ગેઈલ કંપનીના રૂ. ૭ કરોડના અનુદાનથી આગામી દિવસોમાં અદ્યતન સુવિધાથી સજ્જ કરવામાં આવનાર છે.

ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડની સામે આવેલ સેવાશ્રમ ટ્રસ્ટ સંચાલિત હોસ્પીટલનું ૧૯૫૨માં ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. જેના ટ્રસ્ટી મંડળમાં છોટે સરકાર ડૉ. ચંદુલાલ દેસાઈ, વલ્લભભાઈ પટેલ, દિનકર રાવ દેસાઈ વિગેરે જેવા અગ્રણીઓ હતા. વર્ષો વિતવા સાથે અનેક વિધ સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી અને સેવાકીય પ્રવૃત્તિના ધોરણે સ્વાસ્થ્ય સેવા દર્દીઓને આજદિન સુધી પુરી પાડનાર સેવાશ્રમ હોસ્પીટલનો કાયાકલ્પ કરવાની જરૂરીયાત વર્તાતા વર્તમાન ટ્રસ્ટી મંડળ દ્વારા આ અંગે રાજ્યસભાના સભ્ય અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર એહમદભાઈ પટેલનું આ અંગે ધ્યાન દોરવામાં આવ્યું હતું.

વર્ષો પુરાણી આ સ્વાસ્થ્ય સુવિધા પુરી પાડતી સેવાશ્રમ હોસ્પિટલના નવીનીકરણમાં રસ દાખવી એહમદભાઈ પટેલે આ અંગે ગેઈલ કંપનીના સંચાલકોને રજુઆત કરી હતી. જેનો સકારાત્મક પ્રત્યુતર પાઠવતા ગેઈલ કંપની દ્વારા રૂ. સાત કરોડના માતબર અનુદાનની જાહેરાત કરવામાં આવી હતી. જે અંગેના એગ્રીમેન્ટ સેવાશ્રમ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યા બાદ આ રૂ. સાત કરોડના અનુદાનમાંથી આગામી દિવસોમાં સેવાશ્રમ હોસ્પીટલ ખાતે ડેન્ટલ, સર્જરી, એક્સ-રે, લેબોરેટરી, સ્કીનીંગ સહિત બીલ્ડીંગ રીનોવેશન પણ કરવામાં આવનાર છે.

## યુવાનનું મૃત્યુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહોંચીને ત્યાં ૧૦મા માળે ચઢી ત્યાંથી મોતની છલાંગ લગાવી હતી તેના પગ તુટી ગયા હતા અને લોહીલુહાણ હાલતમાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જો કે તેની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. યુવાનનું અમદાવાદ સિવિલમાં મોડી રાત્રે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. અજયની પાસેથી સ્યુસાઈડ નોટ પણ મળી હતી જેમાં લખ્યું હતું કે તેને પોતાનો ચહેરો પસંદ ન હોવાથી આપઘાત કર્યો છે. પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે લઈ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## પ્રાંતિજની આશાએ પોતાનો જીવ હોમી ચાર જીંદગીઓ બચાવી

### એક પળની પણ રાહ જોયા વગર ચાર માસુમોને ડુબતા બચાવવા આશાએ પાણીમાં છલાંગ લગાવી : ચાર જિંદગી તો બચાવી પણ પોતાનો જીવ બચાવવામાં નિષ્ફળ

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ના થવાની ઘટના અને કોઈએ પણ વિચાર્યું નહિ હોય તેવી ઘટના બની જતા આશાના માતા-પિતાની આશા હવે બસ આશાઓમાં જ રહી ગઈ. પ્રાંતિજ પંથકવાસીની સાથે સાથે આખુ સાબરકાંઠાને તેના ઉપર ગૌરવ છે અને દિકરી આશાને ખરેખર સલામ કરે છે. પોતાની જિંદગીનો એક પલભર પણ વિચાર કર્યા વગર આશાએ પાણીમાં છલાંગ લગાવી ચાર જિંદગીઓ બચાવી ચાર કુલદિપકો બુઝાવા ના દીધા પણ પોતાની મા-બાપની આશા અંધકારમાં ફેલાઈ ગઈ.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મોટી બોખ રામઘાટ પાસે બે દિવસ પહેલા જ બપોરના સમયે વણઝારા કોમના અને એક જ્ઞાતિના રામદેવ નગર વિસ્તારના લોકો બાળકો સાથે બોખ (તળાવ)માં કપડાં ધોવા ગયા હતા ત્યાં સાથે ગયેલ નાના ચાર ભુલકાઓ રમતાં રમતાં બોખમાં પડતા ૧૬ વર્ષની યુવતી આશાની નજર પડતા આશાએ એક પળનો વિચાર કર્યા વગર તરત જ પાણીમાં છલાંગ લગાવી હતી. પોતે તરતા ના આવડતુ હોવા છતાં તેની જ્ઞાતિના ચાર માસુમ બાળકો (૧) ગૌતમ શંકરજી વણઝારા, (૨) પુનમ શંકરજી વણઝારા, (૩) કરણ નાથાજી વણઝારા, (૪) જયંતિ તોરાજી વણઝારાને તળાવમાં પાણીમાંથી ડુબતા બચાવ્યા હતા. આ દરમિયાન તે પોતે વધુ પાણી પી જતા ને તરતા ન આવડતા ડુબવા લાગી હતી. આ વાતની જાણ પ્રાંતિજ તથા હિંમતનગર ફાયર ફાયટરને જાણ કરાતા ફાયર ફાયટરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આશા વધુ પાણી પી જવાથી તેનો જીવ જતો રહ્યો હતો અને ફાયર કર્મચારીઓ દ્વારા તેના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. આશા શંકરજી વણઝારાએ ચાર માસુમ બાળકોના જીવ તો બચાવ્યા પરંતુ પોતાનો જીવ ગુમાવ્યો. ધન્ય છે તેના માબાપને કે આશા જેવી દિકરી તેમની કોખે જન્મ લઈને તેમના ઘરે ઉછરી. સરકાર દ્વારા આ સાહસવીર સ્વ. આશાનું સન્માન કરવામાં આવે અને સુવર્ણ અક્ષરોમાં તેનું નામ અમર થાય તેવી લોકલાગણી ફેલાવા પામી છે. સાહસવીર સ્વ. આશાના માતાપિતાને તેમની પુત્રી તો પરત મળશે નહિ પણ જો સરકાર દ્વારા તેમની દિકરીના આ સાહસ કાર્યને વધાવી લેવામાં આવે અને સ્વ. આશાનું તથા તેના માતા-પિતાનું સરકાર દ્વારા સન્માન થાય તો સાબરકાંઠા સહિત પ્રાંતિજના ગૌરવની વાત બનશે.

## યાત્રી ભાડુ યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવી ટોયલેટો બનાવવામાં આવશે. ડિસ્પોઝેબલ બેડરોલના ઓનલાઈન બુકિંગ થશે. સુરક્ષા સંબંધિત ફરિયાદો માટે ટોલફ્રી નંબર ૧૮૨ શરૂ કરવામાં આવી ચુકી છે. ટિકિટિંગની વ્યવસ્થાને વધુ યાત્રી લક્ષી બનાવવા માટે પણ જાહેરાત કરવામાં આવી છે. સ્માર્ટફોન ઉપર અનરિઝર્વ ટિકિટ પણ હવે ઉપલબ્ધ થઈ શકશે. મહિલા યાત્રીઓની સુરક્ષાને વધારવા માટેની જરૂરિયાત ઉપર ભાર મુકતા પ્રભુએ કહ્યું હતું કે, તેમણે કહ્યું હતું કે, પસંદગીના મેઈન લાઈન કોચ અને મહિલા ડબ્બામાં પાયલોટ આધાર પર કેમેરા મુકવામાં આવશે. રેલવેપ્રધાને સ્માર્ટ કાર્ડ અને કરન્સી ઓપ્શન સાથે ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન મુકવાની પણ વાત કરી હતી. રેલ-કમ રોલ ટિકિટના આધાર પર આ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. પ્રભુએ પસંદગીના ધોરણે ભોજન માટે ઈ-કેટરિંગનું સૂચન કર્યું છે. આ સ્કીમ હેઠળ આરઆઈટીસી વેબસાઈટ મારફતે ભોજનનો ઓર્ડર આપી શકાશે. ટિકિટ બુક કરાવતી વેળા આનો ઓર્ડર થઈ શકશે. ચોક્કસ ડિવિઝનમાં બેઝ કિચનની સ્થાપના કરવાની પણ યોજના છે જેને ગુણવત્તાવાળા ભોજન માટે પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવશે. યાત્રીઓની ચકાસણી માટે ટીટીઈ પાસે હાથમાં રાખી શકાય તેવા આઈપેડ રહેશે. આગામી બે વર્ષની અંદર બે હજારથી વધુ સ્ટેશનો ઉપર સેન્ટ્રલી મેનેજડ રેલવે ડિસ્પ્લે નેટવર્ક ગોઠવાશે. જેમાં તમામ પ્રકારની ટ્રેનની માહિતી રહેશે. પસંદગીની શતાબ્દી ટ્રેનોમાં વિશેષ સુવિધાઓ ગોઠવવામાં આવશે. મોબાઈલ ફોન ચાર્જિંગની સુવિધા જનરલ ક્લાસ કોચમાં ગોઠવવામાં આવશે. સ્લીપર ક્લાસના કોચમાં પણ આ સુવિધા વધારવામાં આવશે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ રેલવેની સ્થિતિને સુધારવા અને રેલવેને વધારે લોકલક્ષી બનાવવાના હેતુસર આજે લોકસભામાં બપોરે રેલવે બજેટ રજૂ કર્યું હતુ. સામાન્ય લોકોને વધારે સુવિધા મળે તેના પર રેલવે બજેટમાં ખાસ ભાર મુકવામાં આવ્યો છે. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ આજે રેલવે બજેટ રજૂ કરતી વેળા પ્રભુએ વધારાના સંસાધનો ઉભા કરવા માટે કેટલાક નવા પગલાની જાહેરાત કરી હતી. રેલવે બજેટમાં યાત્રીઓની સુવિધા વધારવા સાથે સંબંધિત શ્રેણીબદ્ધ નવી જાહેરાત પણ કરવામાં આવી હતી. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર પ્રથમ સંપૂર્ણ રેલવે બજેટ રજૂ કરવા જઈ રહી છે.

રેલવે મંત્રાલયની મોટી જવાબદારી સંભાળી લીધા બાદ પ્રભુ હંમેશા કહેતા આવ્યા છે કે યાત્રીઓની સુરક્ષાને વધારવાને તેઓ પ્રાથમિકતા આપશે. માનવરહિત ક્રોસિંગને તબક્કાવાર રીતે દુર કરવાની તેની મુખ્ય ભલામણ છે. દેશમાં આશરે ૧૨૦૦૦ માનવરહિત ક્રોસિંગ છે. જ્યાં સૌથી વધારે દુર્ઘટના થાય છે. આ સ્થળો પર રેલવે અકસ્માતો પૈકી ૪૦ ટકા અકસ્માત થાય છે. સરકારે ગયા વર્ષે જૂનમાં યાત્રી ભાડામાં વધારો કર્યો હતો. તે વખતે પેસેન્જર ભાડામાં ૧૪.૨ ટકા અને નુરના દરમાં ૬.૫ ટકાનો જંગી વધારો કરવામાં આવ્યો હતો.

## કહેર યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા આયુર્વેદ અધિકારી કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ અત્યાર સુધીમાં ૨.૫૦ લાખ જેટલા લોકોને ઉકાળો પીવડાવવામાં આવ્યો છે. શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાંથી પણ સારો પ્રતિસાદ સાંપડી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ ૫૧ દર્દીઓ જિલ્લામાં સારવાર હેઠળ છે. જેમાંથી બે દર્દીઓ વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે.

આજે ૧૮ જેટલા દર્દીઓ આ ચેપી સ્વાઈન ફ્લુની સારવારમાં સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે. એક જ દિવસમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

આજે જે ૧૦ નવા કેસ મળ્યા છે તેમાં ગાંધીનગર શહેરના ૪ નવા કેસનો સમાવેશ થાય છે. સે-૧૩માંથી બે નવા કેસ મળ્યા છે. જે પૈકીનો એક દર્દી ગંભીર હોવાથી વેન્ટીલેટર પર મુકવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ ૪ નવા કેસ મળ્યા છે. કલોલ અને માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ એક એક કેસ મળ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સ્વાઈન ફ્લુમાં ૧૫થી વધુ વય ધરાવતા દર્દીઓ વધુ નોંધાયા છે. જો કે ૫૦થી ૬૦ની વય ધરાવતા દર્દીઓ પણ મોટી સંખ્યામાં મળ્યા છે. જે રીતે હવામાનમાં છેલ્લા બે દિવસથી પલ્ટો આવ્યો છે એટલે હજુ થોડાક કેસ વધે તેવી શકયતાઓ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ કેસ મળવાની સંભાવનાઓ તંત્રને સતાવી રહી છે.

## કર્મચારીનું મૃત્યુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રસરતાં જ કર્મચારી આલમમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

આ મૃત્યુ સાથે ગાંધીનગરમાં સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૧૮ થવા પામી છે.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૪૦થી વધુ સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસ નોંધાયા છે. ગાંધીનગર સિવિલમાં હાલ ૪૦ થી પણ વધુ દર્દીઓ સારવાર હેઠળ છે.

જે રીતે હવામાનમાં બદલાવ આવ્યો છે તેને લઈ તંત્ર પણ ચિંતાતુર બન્યું છે.

## એક્સચેન્જ સ્થપાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વૈશ્વિક સંસ્થાઓની સહભાગિતા ધરાવતા દેશના સૌપ્રથમ ઈન્ટરનેશનલ એક્સચેન્જની સ્થાપના થશે. કેન્દ્ર સરકારની મદદ સાથે ગુજરાત સરકાર ગિફ્ટ સિટીના વિકાસને વેગવંતો બનાવવા માટે તમામ જરૂરી પગલાંઓ લઈ રહી છે જે ગુજરાત રાજ્ય તથા ભારતને પરિવર્તિત કરશે અને ખુબ મોટી સંખ્યામાં રોજગારનું સર્જન કરશે.' વાસ્તવમાં અત્રે એ ઉલ્લેખ કરવો જોઈએ કે એનએસઈએ ૧૦૦ દિવસ કરતા ઓછા સમયમાં ગુજરાતમાં હસ્તાક્ષર કરેલો આ બીજો સમજૂતી કરાર છે. ગુજરાત સરકાર સાથે શાળાકીય સ્તરે નાણાંકીય શિક્ષણ વિશે નો સૌ પ્રથમ સમજૂતી કરાર કરવામાં આવ્યો હતો.


ગિફ્ટ સિટી વિશે બોલતા મેને. ડિરેક્ટર શ્રી રમાકાન્ત જહાએ જણાવ્યું હતું કે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) એ ભારતનું સૌપ્રથમ ગ્લોબલ ફાઈનાન્સિયલ હબ છે. ગિફ્ટ સિટીના અમુક હિસ્સાને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર ના દરજ્જા સાથે મલ્ટી સર્વિ એસઈઝેડ તરીકે જાહેર કરાયો છે, જે વૈશ્વિક સંસ્થાઓને આંતરરાષ્ટ્રિય સ્તરનું બુનિયાદી માળખું અને સવગડો પુરી પાડીને નાણાકીય સેવા ક્ષેત્રે ભારતની વિશાળ જરુરિયાત સંતોષે છે. ગિફ્ટ સીટી જીવનની સર્વોત્તમ ગુણવત્તા પુરી પાડીને દેશની ટોચની પ્રતિભાને આકર્ષિત કરવાનો ઉદ્દેશ ધરાવે છે. એક એવો અંદાજ છે ગિફ્ટ ૫,૦૦,૦૦૦ પ્રત્યક્ષ રોજગારી અને એટલી જ સંખ્યામાં પરોક્ષ રોજગારી પુરી પાડશે. આ માટે આગામી ૧૦ વર્ષ દરમિયાન આશરે રૂ. ૭૮,૦૦૦ કરોડના કુલ મુડી રોકાણ સાથે ૬૨ મિલિયન ચોરસ ફીટ રિયલ એસ્ટેટ ઓફિસ અને રહેણાંક જગ્યાની આવશ્યકતા પડશે.

## સુરક્ષા અને સુવિધાલક્ષી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમજ કિસાન યાત્રાનો જે ખેડુતો કલ્યાણ અભિગમ છે. તે પણ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની કૃષિ કલ્યાણ પ્રતિબધ્ધતા દર્શાવે છે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના આ પ્રથમ રેલવે બજેટમાં સ્પીડ સાથે સેફટીનો અભિગમ રાખ્યો છે સાથો સાથ કલીન અને ગ્રીન રેલવે ઉપર ભાર મુકવામાં આવ્યો છે. સ્વચ્છ ભારત અભિયાનમાં ભારતીય રેલવે એ પણ ટ્રેનો અને સ્ટેશનોની સફાઈ-સ્વચ્છતા દ્વારા સૂર પુરાવ્યો છે. અને રેલવે ટ્રેઈનની સ્વચ્છતા માટેનો અલગ વિભાગ શરૂ કરવા, ૧૭ હજાર બાયોટોયલેટ બનાવવા નોન એ.સી.ટ્રેઈનમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ડસ્ટબીન મુકવા, ટ્રેઈનના-સ્ટેશનોના ટોયલેટની સફાઈ વેકયુમથી કરવા જેવા સ્વચ્છતા પ્રેરક ઉપાયો સુચવ્યા છે. તે પ્રસંશનિય છે. તદઉપરાંત રેલવે સ્ટેશનો ૫ જળસંરક્ષણ અને જળસંચય, રેલવે લાઈનોમાં સૌર ઊર્જાનો ઉપયોગ, સી.એન.જી. નો ડેમુ ટ્રેઈનમા ઉપયોગ વગેરે ગ્રીન રેલનો નવતર સંકલ્પ પણ સાકાર થયો છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીની એવો વિશ્વાસ વ્યક્ત કર્યો કે ટ્રેઈનની ગતિ ૧૦૦ કિલોમીટર થી વધારીને ૧૬૦ થી ૨૦૦ કિલોમીટર કરવા માટેનો જે નવો સુઝાવ રેલવે મંત્રીએ બજેટમાં દર્શાવ્યો છે તેનાથી ગુજરાતને પણ લાભ થશે. તેમણે અમદાવાદ-મુંબઈ વચ્ચેની બુલેટ ટ્રેઈનનો ફીઝીબીલીટી રિપોર્ટ ચાલુ માસમાં રજૂ કરવાની જાહેરાત માટે પણ રેલવે મંત્રીનો આભાર માનતા મહિલા સુરક્ષા માટે જે વિશેષ ઉપાયો આ બજેટમાં રેલવે મંત્રીએ જાહેર કર્યા છે. તેમાં બહેનો માટે કેટલીક ટ્રેઈનોમાં સર્વેલન્સ કેમેરોથી મહિલા સુરક્ષા માટે નિર્ભયા ફંડ જેવી નવી બાબતો તેમજ સુરક્ષા સહાય માટે ૧૮૨ હેલ્પલાઈનની પણ આવકારી હતી.

## શબ્દાવલી - ૫૬૫૫



### આડી ચાવી

૧. ચાંદની, જ્યોત્સના (૩)
૩. રડારોળ, મરણ પાછળનો શોક (૪)
૬. ઘટતી કિંમત કરવી, કરવી(૩)
૭. ટકો, માથે વાળ વિનાનું(૨)
૮. ઉપજ, કમાણી (૩)
૧૦. પક્ષી, વાગેલા પર... બાંધવા પડે (૨)
૧૧. ચોરીછુપીથી કરાતું કાર્ય(૫)
૧૩. ગાદલા-ગોદડા ગોઠવ્યા હોય તે સ્ટેન્ડ (૪)
૧૫. વધ, ખૂન (૩)
૧૭. શરીર (૨)
૧૮. ગપ્પા (૪)
૨૦. દયા કરવી (૪)
૨૧. અળખામણું, અણગમતુ(૩)

### ઊભી ચાવી

૧. કુરુવંશજો, ધૃતરાષ્ટ્ર પુત્રો (૩)
૨. પુત્ર (૩)
૩. ગદર્ભ (૪)
૪. ઘટાટોપ (૪)
૫. પાર્ટ, નાટકમાં ભાગ ભજવવો (૨)
૯. ટ્રીક, જાદુ (૪)
૧૦. પાછળનું (૩)
૧૧. પડછાયો (૨)
૧૨. નવું, એક અભિનેત્રી (૩)
૧૩. પોસ્ટ ઓફિસ (૪)
૧૪. સમડી જેવું પક્ષી (૨)
૧૬. કૂવો (૨)
૧૭. સરોવર (૩)
૧૮. ગયેલું, વીતેલું (૨)
૧૯. ખોળો (૨)

### શબ્દાવલી ૫૬૫૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) કંકાવટી (૪) ધવલ (૭) કાગ (૮) પવનસુત (૧૦) લવાદ (૧૨) સધિયારો (૧૬) ચિર (૧૭) આડશ (૧૮) સ્મિત (૨૦) ડાઘુ (૨૧) લપાટ (૨૩) સબક (૨૪) કાબેલ

**ઊભી ચાવી :-** (૧) કંકાલ (૨) કાગવાસ (૩) ટીપ (૪) ધન (૫) વસુધા (૬) લત (૯) વધારો (૧૧) દધિચિ (૧૩) યાર (૧૪) ફૅશનેબલ (૧૫) બિસ્મિલ (૧૭) આઘુ (૧૯) તપાસ (૨૦) ડાચુ (૨૨) ટબ


## ટુંકી મુદતની જાહેર નિવિદા

### સ્પોર્ટસ ઓથોરીટ ઓફ ગુજરાત, ગાંધીનગર

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર ખાતે સરકારી કચેરીના કામકાજ માટે ફોર વ્હીલર-૧ની જરૂરિયાત હોઈ રજીસ્ટર થયેલ પાર્ટી / સંસ્થાઓ પાસેથી ટાવેરા - ઈનોવા - સ્વીફ્ટ ડીઝાસ્ટર ગાડી માટે માસિક કિ.મી. ૩૫૦૦ તથા તેથી વધારેના કિ.મી. માટે ભાવપત્રક સંસ્થાના લેટરપેડ પર તા. ૫/૩/૨૦૧૫ના રોજ સાંજના ૧૬.૦૦ કલાક સુધીમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, બ્લોક નં. ૧૪/૩, જુના સચિવાલય, ગાંધીનગરના સરનામે સીલબંધ કવરમાં રજી.એ.ડી. પોસ્ટથી પહોંચાડવાના રહેશે. સમયમર્યાદા બાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં. ભાવપત્રકો માન્ય રાખવા કે અમાન્ય તેનો અધિકાર કમિટિનો અબાધિત રહેશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૨૫/૨/૨૦૧૫

સહી/-
ડાયરેક્ટર (ડી.એલ.એસ.એસ.)
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

માહિતી/૨૫૦૮/૨૦૧૪-૧૫



## જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર

### ૧૧ માસના કરારના ધોરણે ભરતી માટેની જાહેરાત

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર ખાતેની જિલ્લા કક્ષાએ તથા ઘટકકક્ષાના મહેકમમાં ૧૧ માસના કરાર આધારીત મંજુર થયેલ નીચે મુજબની ખાલી જગ્યા ભરવા તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે લાયકાત મુજબની અરજીઓ અત્રેની કચેરી ખાતે મોડામાં મોડી તા. ૨૦/૩/૨૦૧૫ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં અત્રે મળે તે રીતે ફક્ત રજી. પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે. જાહેરાત અંગેનું અરજી ફોર્મ ગુજરાત સરકારની "www.ojas.guj.nic.in" ઉપરથી ડાઉનલોડ કરીને નમુના મુજબની અરજી નીચેના સરનામે મોકલી આપવા જણાવવામાં આવે છે.

**અરજી મોકલવાનું સરનામું**
નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, એ-વિંગ, ત્રીજો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર

**જિલ્લા કક્ષાની જગ્યા :-**

| ક્રમ | કરારથી ભરવાની જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | ચુકવવાપાત્ર માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|---|
| ૧. | ના.કા.ઈ. (ગ્રા.વિ.) | ૧ | બી.ઈ. સીવીલ | ૧૬૫૦૦/- |
| ૨ | એમ.આઈ.એસ. ઓપરેટર | ૧ | સ્નાતક, એમ.એસ. ઓફીસ | ૭૮૦૦/- |
| ૩. | જુ.એકા. આસીસ્ટન્ટ | ૨ | બી.કોમ. | ૭૮૦૦/- |
| ૪. | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૨ | ડિપ્લોમા સીવીલ | ૧૩૫૦૦/- |

**ઘટક (તાલુકા) કક્ષાની જગ્યા :-**

| ક્રમ | કરારથી ભરવાની જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | ચુકવવાપાત્ર માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|---|
| ૧ | જુ.ફંડસ કો. ઓર્ડિનેટર | ૨ | બી.કોમ. એમ.કોમ. | ૧૩૨૦૦/- |
| ૨. | ગ્રામ સેવક | ૧ | બી.આર.એસ. | ૭૮૦૦/- |

**સ્વચ્છ ભારત અભિયાન (ગ્રામીણ) યોજના હેઠળની જગ્યા :-**

| ક્રમ | કરારથી ભરવાની જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | અનુભવની વિગત | ચુકવવાપાત્ર માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|---|---|
| ૧ | એન્જીનીયર/ સુપરવાઈઝર | ૧ | ડિપ્લોમા (સીવીલ) કોમ્પ્યુટરનું જ્ઞાન | ઓછામાં ઓછો પાંચ વર્ષનો સરકારી/ અર્ધસરકારી/ ખ્યાતનામ સંસ્થાનો અનુભવ | ૧૫૦૦૦/- |
| ૨ | એકાઉન્ટ આસીસ્ટન્ટ | ૧ | બી.કોમ. (૫૦%થી વધુ), કોમ્પ્યુટરનું જ્ઞાન | ઓછામાં ઓછો પાંચ વર્ષનો સરકારી/ અર્ધસરકારી/ ખ્યાતનામ સંસ્થાનો અનુભવ | ૧૨૦૦૦/- |
| ૨ | આસીસ્ટન્ટ કલાર્ક | ૧ | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક કોમ્પ્યુટરનું જ્ઞાન | ઓછામાં ઓછો પાંચ વર્ષનો સરકારી/ અર્ધસરકારી/ ખ્યાતનામ સંસ્થાનો અનુભવ | ૧૨૦૦૦/- |

પસંદ થયેલ ઉમેદવારની ૧૧ માસના કરારની મુદત પૂર્ણ થયેથી / પ્રતિનિયુક્તિથી કર્મચારી ઉપલબ્ધ થયેથી આપોઆપ મુક્ત થયેલ ગણાશે. તેમજ સરકારના કોઈપણ લાભ મળશે નહી. અરજી સાથે નિયત શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો અચુક જોડવાના રહેશે. એક ઉમેદવાર દ્વારા એક જ જગ્યા માટે અરજી કરવાની રહેશે. ઉમેદવાર દ્વારા અરજી કવર ઉપર જગ્યાનું નામ અવશ્ય દર્શાવવાનું રહેશે.

સહી/-
નિયામક
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
ગાંધીનગર

માહિતી/૨૫૦૩/૨૦૧૪-૧૫